# <u>હારીજના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, મુ.હારીજ.</u>

<u>ફોજદારી કેસ નંબર :–૧૦૩૨/૨૦૨૫</u>
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– રાવળ અનિલ ચુનીલાલ

<u>ગુનો :– જુગારધારા કલમ ૧૨(અ) મુજબ....</u>

## <u>ઠરાવ</u>

આ કામે ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવેલ સમયે અને સ્થળે પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હારજીતનો જુગાર રમતાં મળી આવતાં જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

આરોપીને અદાલત સમક્ષ રજુ કરતાં, તેઓને પોલીસ તપાસના પેપર્સ નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરશીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે, તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી, હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્ર કારનો ગુનો કરશે નહીં, તેઓ પોતાને સુધરવાની તક આપવા આજીજી કરે છે, જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

**નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વં ચાણે લીધો તેમજ સદરહું ચુકાદાના **પાના નંબર ૭૨૧ ના પેરા નં.૨૧** માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુંટુંબ કબીલાવાળા છે અને તેઓ કુંટુંબના એક માત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છું અને આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીઓની કબુલાત તેમજ કેસની હકિકતોને ધ્યાને લેતાં, આરોપીઓને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને જુગારધારાની કલમ ૧૨(અ) મુજબ બી.એન.એસ.એસ.ની ક.૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને દંડ રૂા.૧૦૦/–કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરેલ મુદામાલ જુગારના સાહીત્યનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. અગાઉ કરેલ મુદામાલ બાબતેનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, તા.૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬.
હારીજ

(એમ.ડી.જાદવ)
જે.એમ.એફ.સી., હારીજ
જજ કોડ નં. જીજે ૦૧૭૪૬